જેન્ડર રીસોર્સ સેન્ટર સોસાયટીમાં
ગ્રાન્ટ જમા રાખી ખર્ચ કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૯/૧૭૬/બ
સચિવાલય, ગાંધીનગર
તા.03/૧૨/૨૦૧૯

વંચાણે લીધા:

1. મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૧૨/૯/૨૦૧૮ નો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૧૨૦૧૭/૧૦૨૦/બ
2. મહિલા અને બાળ વિકાસ વિભાગના તા. ૩૦/૭/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૧૨૦૧૯/૧૩૧૬૦૪બ

ઠરાવ:

વંચાણે લીધા (૧) થી વર્ષ ૨૦૧૮-૧૯ ની ગ્રાંટ જેન્ડર રીસોર્સ સેન્ટર (GRC) સોસાયટી મારફત કરાવવાનું ઠરાવવામાં આવેલ હતુ. વંચાણે લીધા (૨) થી વર્ષ ૨૦૧૯-૨૦ માં ૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૧૯ સદરે રૂ.૧૦૨૦૪.૧૪ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ હતી. જેમાંથી રૂ.૮૫૦.00 લાખ જેન્ડર રીસોર્સ સેન્ટર (GRC) સોસાયટીમાં જમા કરાવવાની બાબત વિચારણા હેઠળ હતી.

આથી વર્ષ ૨૦૧૯-૨૦ માં મિશન બલમ સુખમ હેડ હેઠળની રૂ.૭૫૦.00 લાખ તેમજ શિક્ષણ, પ્રચાર અને પ્રસાર (આઈઈસી) માટેની રૂ.૧૦૦.00 લાખ એમ કુલ રૂ.૮૫૦.00 લાખ ફંડ પાર્કીંગ તરીકે GRC ના હવાલે તા.૩૧/03/૨૦૨૦ સુધી ચાલુ રાખવા નીચેની શરતોએ મંજુરી આપવામાં આવે છે.

શરતો:

1. જમા રકમ અંગે તા.૩૧/03/૨૦૨૦ સુધીમાં અચૂકપણે ખર્ચ/ચુકવણું કરવાનું રહેશે.
2. GRC ના હવાલે મુકેલ રકમ ડીપોઝીટ તરીકે GSFS ખાતે ચાલુ રાખવાની રહેશે.
3. નિયામકશ્રી (ICDS) એ ખાત્રી કરવાની રહેશે કે, GSFS માં ડીપોઝીટ કરેલી રકમ ઉપર મળેલ વ્યાજની રકમ રાજ્ય સરકાર ખાતે એટલે કે, બજેટ સદર ૦૦૪૯-૦૪-૮૦૦-૨૧ હેઠળ અચૂકપણે જમા કરાવેલ છે.
4. GRC ના હવાલે મુકેલ રકમનો જે તે હેતુસર જ ઉપયોગમાં લેવાની રહેશે.
5. ખર્ચ/ ચુકવણું કર્યા બાદ વધતી રકમ રાજ્ય સરકારમાં પરત જમા કરાવવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઉપર નાણા વિભાગ૨૯/૧૧/૨૦૧૯ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાજના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સતિષકુમાર પટેલ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી,મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
2. નિયામકશ્રી, આઇ.સી.ડી.એસ. કચેરી, ૨૦, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
3. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
4. નાણા વિભાગ, ક-શાખા, સચિવાલય, ગાંધીનગર.
5. એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ
6. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
7. સિલેકટ ફાઇલ.